# ગુજરાતમાં વધુ ૮ કેસ, કુલ ૭૧

| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ | ગાંધીનગર | કચ્છ | ભાવનગર | મહેસાણા | ગીરસોમનાથ | પોરબંદરમાં |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | ૦૯ | ૦૮ | ૧૦ | ૦૯ | ૦૧ | ૦૬ | ૦૧ | ૦૨ | ૦૧ |

## આજે ભાવનગરમાં એકના મોત સાથે મોતનો આંકડો વધીને છ

ગાંધીનગર, તા.૩૦ ગુજરાતમાં પણ લોકડાઉનની સ્થિતિ વચ્ચે સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા હોવા છતાં કેસોની સંખ્યા અને મોતના આંકડામાં વધારો થઈ રહ્યો છે. આજે ૮ નવા કેસની સાથે કેસોની સંખ્યા વધીને ૭૧ પર પહોંચી હતી જ્યારે મોતનો આંકડો છ પર પહોંચી ચુક્યો છે. રાજ્યમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં ૨૩ નોંધાયા છે જ્યારે રાજકોટમાં કેસોની સંખ્યા વધીને ૧૦ પર પહોંચી છે. હાલમાં હોમ ક્વોરન્ટાઈન હેઠળ ૧૮૭૦૧ લોકો છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ જણાવ્યું છે કે, રાજ્યના તમામ નાગરિકોને ઘરમાં જ રહીને લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરશે તો ચોક્કસ સંક્રમણ અટકશે તે માટે આપણે સૌએ સંયમ રાખવો અત્યંત અનિવાર્ય છે. રાજ્યમાં કોરોના વાયરસની આજની અપડેટ વિગતો મીડિયાને આપતા ડો.રવિએ કહ્યું કે, રાજ્યમાં આજે ૬ નવા પોઝીટીવ કેસો નોંધાયા છે. જે સાથે રાજ્યમા કુલ ૭૧ પોઝિટિવ કેસ અત્યાર સુધીમાં નોંધાયા છે જેમાં અમદાવાદમાં ૨૩, સુરતમાં ૮, રાજકોટમાં ૧૦, વડોદરામાં ૯, ગાંધીનગરમાં ૯, ભાવનગરમાં ૬, ગીર સોમનાથમાં ૨ અને કચ્છ, મહેસાણા, પોરબંદર પ્રત્યેકમાં એક-એક કેસ પોઝિટિવ છે. આ તમામ પૈકી ૫૯ દર્દીઓ સ્ટેબલ છે. અને બે દર્દીઓ વેન્ટિલેટર પર છે. દુર્ભાગ્યવશ કોરાના રોગના કારણે અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ છ નાગરિકોના નિધન થયા છે જેમાં અમદાવાદમા ૩, ભાવનગરમાં ૨ અને સુરતમા ૧ નાગરિકનું નિધન થયું છે. ડોક્ટર રવિ ઉમેર્યું કે, થેલેસેમિયાના દર્દીઓ તથા કેન્સરના દર્દીઓને સારવાર સહિત બ્લડની સુવિધાઓ મળી રહે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ટેલીફોનિક સમિક્ષા મારી સાથે કરીને તેમની પૂરતી તકેદારી રાખવા પણ જણાવ્યું છે,એટલે થેલેસેમિયાના દર્દીઓને સમયસર બ્લડ સહિતની સારવાર માટે ગુજરાત રેડ ક્રોસ સોસાયટી અમદાવાદ સાથે જરૂરી સંકલન પણ કરવામાં આવ્યું છે. જેના પરિણામે રેડ ક્રોસ દ્વારા ૭૫૬૭૧ ૧૬૬૧૧ એક ટોલ ફ્રી નંબર પણ કાર્યરત કરાયો છે એ જ રીતે કેન્સરના દર્દીઓ માટે ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ ખાતે પણ ૦૭૯ ૨૨૬૮૮૦૨૮ નંબર પર સંપર્ક કરવા જણાવાયુ છે જેથી યોગ્ય સારવાર પૂરી પાડી શકાય. ડો. રવિએ ઉમેર્યું કે કોરોના વાયરસના અત્યાર સુધીમાં કુલ ૧૨૮૪ સેમ્પલ લેવાયા હતા જેમાંથી ૧૨૭૫નું ટેસ્ટિંગ કરાયું છે તે પૈકી ૬૯ પોઝિટિવ અને ૧૨૦૬ નેગેટિવ તથા ૯ પેન્ડિંગ છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા સેન્ટ્રલાઈઝ રીતે આંતરરાષ્ટ્રીય કક્ષાની પીપીઈ કિટ, માસ્ક અને દવાઓનો જથ્થો તમામ રાજ્યોને પૂરો પાડવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં પર્યાપ્ત પ્રમાણમાં દવાઓનો જથ્થો ઉપલબ્ધ છે એટલે કોઈએ ગભરાવવાની જરૂર નથી.

## લોકડાઉન વચ્ચે પ્રજા બહાર ના આવે તે માટે પોલીસનો અનોખો પ્રયોગ

### સાબરકાંઠા પોલીસની મહિલા કોન્સ્ટેબલ ગામેગામ કોરોનાની જાગૃતિ માટે ફરે છે : લોકો બહાર ના આવે તે માટે પોલીસે પ્રતિયોગીતા શરૂ કરી

હાલમાં ચાલી રહેલ કોરોના વાઈરસની મહામારી વચ્ચે જિલ્લા પોલીસે કરી છે અનોખી પહેલ શક્તિ વીંગની મહિલા કોન્સ્ટેબલ દ્વારા ગામેગામ ફરીને કોરોના વાઈરસની જાગૃતિ સાથે સરકારની સૂચનાઓના પાલન માટે એનાઉન્સમેન્ટ કરાઈ રહ્યું છે સાથે જ જિલ્લા પોલીસે લોકડાઉન વચ્ચે લોકો બહાર ના નીકળે તેના માટે વોટ્સએપ નંબર પર પ્રતિયોગીતા જાહેર કરી છે, જેમાં અલગ અલગ કેટેગરીમાં રોજે રોજ લોકો પોતાના વીડિઓ મોકલી આપે છે અને જેમાં જાગૃતિ અને તેના સંક્રમણને અટકાવવા માટેનું માર્ગદર્શન આપી રહ્યા છે. દિવસ દરમિયાન મહિલા કોન્સ્ટેબલો ૧૦ થી ૧૫ જેટલા ગામોમાં ફરી ફરીને લોકોને માર્ગદર્શન આપી રહ્યા છે.

એક તરફ સાબરકાંઠા જિલ્લાના લોકોને ઘરમાં જ રહેવા અને વાઈરસના સંક્રમણ અટકાવવાની માહિતી મહિલા કોન્સ્ટેબલ દ્વારા અપાઈ રહી છે તો બીજી તરફ જિલ્લા પોલીસ દ્વારા પણ એક પ્રતિયોગીતા જાહેર કર છે, જેમાં લોકડાઉનના સમય દરમિયાન પોતાના ઘરેજ રહીને લોકો અલગ અલગ કેટેગરીમાં ભાગ લેવાનો છે. જેમાં પેઈન્ટિગ, વિશેષ કપલ, સીંગીગ, રસોઈ, યોગા જેવી અલગ અલગ કેટેગરીની કોમ્પીટીશન રખાઈ છે જે લોકોએ પોતાના ઘરમાં બેસેની જ કરવાની છે અને તેનો બે મિનિટ જેટલો વિડિઓ બનાવીને જિલ્લા પોલીસે જાહેર કરેલ નંબર પર મોકલવાનો છે. જિલ્લાના લોકોએ મોકલેલ વિડિઓ સાઈબર સેલના સ્ટાફ દ્વારા ચકાસણી કરી વિજેતા જાહેર કરશે અને એને ઈનામ આપવાનું જિલ્લા પોલીસ દ્વારા આયોજન કરાયું છે. જેમાં અબાલ વૃદ્ધ સહિત સરકારી કર્મચારી ગૃહિણો સહિત તમામ લોકો ભાગ લઈ શકે છે અને ઈનામ જીતી શકે છે. નોવેલ કોરોના વાઈરસને લઈ લોકડાઉન જાહેર કરાયા બાદ જિલ્લાની મોટાભાગની પોલીસ રોડ પર પોતાની સેવા આપી રહી છે સાથે જ લોકોની પણ જિલ્લા પોલીસને ચિંતા હોય એમ મહિલા કોન્સ્ટેબલ દ્વારા કોરોના વાઈરસના સંક્રમણથી બચવા માર્ગદર્શન આપી રહ્યું છે સાથે જ જિલ્લા પોલીસ દ્વારા લોકો ઘરમાંને ઘરમાં પરિવાર સાથે અવનવી પ્રવુતિ કરી પ્રવૃતિશીલ રાખી ઘરમાંથી બહાર ના નીકળે તે માટેના પ્રયત્નો જીલ્લા પોલીસ કરી રહી છે.



વિજેતાઓ ઈનામ આપવામાં આવી રહ્યા છે.

ગુજરાત સહિત સમગ્ર વિશ્વ જ્યારે કોરોના વાઈરસની દહેશત સામે જંગ લડી રહ્યું છે ત્યારે તંત્ર દ્વારા વાઈરસના સંક્રમણને અટકાવવા અલગ અલગ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે જિલ્લા પોલીસના મહિલા વિંગની મહિલા કોન્સ્ટેબલો દ્વારા અલગ અલગ ગામોમાં ફરીને નોવેલ કોરોના વાઈરસની દહેશત અને સંક્રમણ કેવી રીતે અટકાવી શકાય એની માહિતી આપવામાં આવી રહી છે. મહિલા કોન્સ્ટેબલ દ્વારા સવારે ૮ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી અને સાંજે ૪ વાગ્યાથી લઈ રાત્રીના ૮ વાગ્યા સુધી અલગ અલગ ગામોમાં ફરીને લોકોને સરકારની સૂચનાઓના પાલન સાથે કોરોના વાઈરસ અંગેની

## મોડાસામાં લઘુમતી સમાજના "યુવા ગ્રુપ"નું ઉત્તમ ઉદાહરણ

મોડાસા, તા. ૩૦ કોરોના વાઈરસને ૨૧ દિવસના લોકડાઉનને લઈને

દિવસને લોકડાઉન કરવામાં આવ્યું છે ત્યારે સમસ્ત દેશમાં જીવન જરૂરિયાત સિવાયની

યુવા ગ્રુપ મોડાસા દ્વારા ગરીબ તેમજ શ્રમિકો માટે ૧૬૦૦થી વધુ અનાજની કીટ તૈયાર કરવામાં

કોરોના મહામારી સામે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરાયું છે. લોકોને સરકાર દ્વારા

૧૬૦૦ જેટલા ગરીબ પરિવાર માટે મોડાસાના મુસ્લિમ સમાજના યુવા ગ્રુપ તરફથી સમાજના



રોજેરોજ કામ કરીને પરિવારનું ભરણપોષણ કરતા શ્રમિકોને તેમજ સર્વ ધર્મના ગરીબ વર્ગોના પરિવાર માટે મોડાસાનું મુસ્લિમ યુવા ગ્રુપ દ્વારા ૧૬૦૦થી વધુ કરિયાણા કીટનું વિતરણ કરીને સમાજને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સમગ્ર દેશમાં કોરોના વાઈરસની મહામારીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૧

ખરીદી તેમજ વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યું છે અને ધંધા રોજગાર પણ બંધ કરવામાં આવ્યા છે. ત્યારે ગરીબ વર્ગો તેમજ રોજેબરોજ મજૂરી અને રોજે રોજ કમાઈને કુટુંબનું ભર પોષણ કરી ગુજરાન ચલાવતા પરિવાર પર આભ તુટી પડ્યું છે ત્યારે તેમની ચિંતા કરી મુસ્લિમ સમાજના ૨૫૦થી વધુ સભ્યો દ્વારા ચાલતું

આવી છે જેનો મુખ્ય ઉદ્દેશ ૨૧ દિવસના લોકડાઉન બાદ ગરીબ પરિવારને રોટી મળી રહે અને ગરીબ પરિવારના ૧૫ દિવસ ચાલે તેટલું કરિયાણા કીટ તૈયાર કરી અને ઘરે ઘરે વિતરણ કરવામાં આવે અને ફરી જરૂરી લાગશે તો ફરી પણ કરિયાણા કીટ તૈયાર કરવામાં આવશે તેવું યુવા ગ્રુપના સભ્યોએ જણાવ્યું હતું.

ઘરોની અંદર રહેવા અપીલ કરાઈ રહી છે ઘરોમાં રહો સુરક્ષિત રહો જેવા સુત્રો દ્વારા લોકોને સમજાવવાના પ્રયાસો કરાઈ રહ્યા છે ત્યારે આ લોક ડાઉનને વખતે કેટલાય લોકો એવા છે કે જે રોજ કમાઈને રોજ ખાવાવાળા છે તો આવા લોકોને મદદ કરવાનું બીડું મોડાસાની સેવાભાવી સંસ્થાઓએ ઉપાડ્યું છે, ત્યારે મોડાસાના

દાતાઓની મદદથી ફાળો એકત્ર કરી ૧૫ દિવસ ચાલે તેટલી ૧૬૦૦ જેટલી કરિયાણાની કીટો બનાવી વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે અને જો આગામી સમયમાં લોકડાઉનની સ્થિતિ લંબાય તો હજુ પણ ૨૦૦૦ જેટલી વધુ કીટોનું વિતરન કરી શકાય તેવું આગોતરું આયોજન તૈયાર કરી રાખ્યુ છે.



### પાલનપુરમાં નિરાધારોને ભોજન કરાવતાં સેવાભાવી યુવાનો

મહામારી કોરોનાના પગલે સમગ્ર દેશમાં કરાયેલા લોકડાઉનથી અસંખ્ય લોકો જેનો કોઈ આધાર નથી. તેવા રોડ ઉપર મંદીરો, મસ્જીદો આસપાસ ફરતાં ગરીબ સાધુ સંત, ફકીરને જમવાનું આપવા પાલનપુરમાં સેવાભાવી યુવાનો સક્રીય બન્યા છે. શહેરના રેલવે સ્ટેશન રોડ પર હાથલારીમાં રોટલી અને શાક બનાવી આવા લોકોનો જઠરાગની ઠારી રહ્યા છે. દિલ્લીગેટના દિનેશભાઈ કરશનભાઈ ઠાકોર અને મફતપુરાના ધીરૂભાઈ દલાભાઈ પરમાર તેમના સ્વંયમસેવકો સાથે સેવા આપતા નજરે પડે છે.

## પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામને સેનેટાઈઝ કરાયું

પ્રાંતિજ, તા. ૩૦ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ગામને સેનેટાઈઝ કરવામાં આવ્યું હતું અને ગામના મોટા ભાગના વિસ્તારોમાં સેનેટાઈઝ કરાયા હતા.

ભારત સરકાર સહિત ગુજરાત સરકાર દ્વારા તકેદારીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. વડાપ્રધાનની જનતા કરફ્યુની અપીલને દેશની જનતાએ સજજડ પ્રતિસાદ આપ્યો હતો હાલ કોરોનાની મહામારીને



પ્રાંતિજના પોગલુ ગામને સેનેટાઈઝ કરવામાં આવ્યું હતું. ગામના મોટાભાગના વિસ્તારોને સેનેટાઈઝ કરાયા હતા. હાલ કોરોના વાયરસનાં પગલે સમગ્ર વિશ્વના લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે. વિશ્વના અનેક દેશો કોરોના વાયરસની ભયાનક અસર હેઠળ કણસી રહ્યા છે. ત્યારે લઈને ૨૧ દિવસનું લોકડાઉન કરવામાં આવ્યું છે. ત્યારે સલામતીના ભાગરૂપે આજરોજ ગામમાં ગામના મહિલા સરપંચ રમીલાબેન પટેલ અને પંચાયત દ્વારા ગામને અને ગામના દરેક ઘરને સેનેટાઈઝ કરાયું હતું ગામના બહુધા વિસ્તારોને સેનેટાઈઝ કર્યા હતા.

## ડીસાના ગાયત્રી મંદિર નજીકથી ગુટખા ભરેલી કાર ઝડપાઈ

ડીસા, તા. ૩૦ ડીસા શહેર ઉત્તર પોલીસે સોમવારે ડીસાના ગાયત્રી મંદિર નજીકથી વાહન ચેકીંગ દરમ્યાન ગુટખા ભરેલી કાર ઝડપી હતી. આથી પોલીસે ગુટખા તેમજ કાર સહિત રૂપિયા ૫.૨૦ લાખનો મુદામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોરોના વાયરસને કારણે સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે ડીસા શહેર ઉત્તર પોલીસે સોમવારે શહેરના ગાયત્રી મંદિરથી સ્પોર્ટસ કલબ રોડ ઉપર વાહન ચેકીંગ ઝુંબેશ હાથ ધરી હતી. જે દરમ્યાન જુના બસ સ્ટેશન તરફથી આવી રહેલી જીજે-૦૮-બીએન-૫૭૪૭ નંબરની મારૂતિ સિયાઝ કાર રોકાવી પૂછપરછ કરતાં સંતોષકારક જવાબ ન મળતાં પોલીસે ગાડીમાં તપાસ કરતાં પ્લાસ્ટિકના કટ્ટામા ભરેલી રૂપિયા ૨૦ હજારની કિંમતના જાફરી ગુટખાના ૨૦૪ પેકેટ મળી આવ્યાં હતા.

આથી ડીસા શહેર ઉત્તર પોલીસ મથકના હે.કો. અશોકસિહ મગનસિહે આવશ્યક ચિજવસ્તુ ન હોવા છતાં લોકડાઉન અને જાહેરનામાનો ભંગ કરવા બદલ ધર્મેશભાઈ પ્રવિણભાઈ ઠકકર (રહે. સોમનાથ સોસાયટી, કચ્છી કોલોની પાસે, ડીસા) સામે ગુનો નોધી ગુટખા તેમજ કાર મળી કુલ રૂપિયા ૫,૨૦,૦૦૦નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

## ધાનેરા નેનાવા ત્રણ રસ્તા પાસે હડકાયા ભૂંડનો આતંક પાંચથી વધુ લોકોને બચકાં ભર્યા

ગત મોડી રાત્રે ધાનેરાના નેનાવા ત્રણ રસ્તા પાસે હડકાયા ભૂંડ નો આતંક સામે આવ્યો હતો અને હડકાયા ભૂંડે પાંચથી વધુ લોકોને બચકા ભર્યા હતા અને તમામ લોકોને સારવાર અર્થે ૧૦૮ દ્વારા ધાનેરાની રેફરલ હોસ્પિટલ પાસે ખસેડવામાં આવ્યા હતા તો બીજી તરફ હડકાયા ભૂંડ થી લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો મહિલા પુરુષોની સાથે સાથે હડકાયા ભૂંડે નાના બાળકો પણ હુમલો કરવાની ઘટના સામે આવી છે આ તમામ લોકોને સારવાર અર્થે રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

### વધુ લંબાવાશે નહીં... ● પહેલા પાનાનું ચાલું

પ્રકારના રિપોર્ટ જોઈને ચોંકી ગયા છે. સરકારની આવી કોઈ યોજના નથી. ભારતમાં કોરોના વાયરસના વધતા જતા કેસને ધ્યાનમાં લઈને હેવા હેવાલ આવી રહ્યા હતા કે સરકાર લોકડાઉન વધારી દેવા પર વિચારણા કરી રહી છે. જો કે સરકારના સ્પષ્ટીકરણ બાદ લોકડાઉનને લઈને સંશય ખતમ થઈ ગયા છે. ભારતમાં કોરોના વાયરસના કેસોનો આંકડો એક હજારથી ઉપર પહોંચી ગયો છે. જ્યારે મોતનો આંકડો ૨૭ ઉપર પહોંચી ગયો છે. દેશમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, કેરળ અને ગુજરાતમાં કેસોની સંખ્યા સૌથી વધારે થઈ રહી છે. લોકડાઉનના આજે છઠ્ઠા દિવસે પણ કઠોર નિયંત્રણો લાગુ રહ્યા હતા. લોકો ઘરમાં રહ્યા હતા. સવારમાં જીવન જરૂરી ચીજોની ખરીદી કરવામાં આવી હતી. તમામ લોકો સારી રીતે જાણે છે કે કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે દેશભરમાં ૨૧ દિવસ માટે લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. લોકડાઉનની સ્થિતી વચ્ચે પણ કેટલાક રાજ્યોમાંથી લોકોની મોટા પાયે હિજરતને ધ્યાનમાં લઈને ગઈકાલે કઠોર આદેશ જારી કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે કેન્દ્ર સરકારે કઠોર વલણ અપનાવ્યું હતું. કેન્દ્ર સરકારે કહ્યું છે કે, લોકડાઉનના નિયમો કઠોરરીતે પાળવામાં આવે તે જરૂરી છે. લોકડાઉન બાદ હવે પલાયનને લઈને કઠોર બનેલી કેન્દ્ર સરકારે સરહદો સીલ કરવા માટેની સૂચના આપી છે. રાજ્ય અને જિલ્લાઓની સરહદો સીલ કરવા માટે સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. મોટાપાયે લોકોની હિઝરતને રોકવા રાજ્ય અને જિલ્લાની સરહદો સીલ કરવા કહેવામાં આવ્યું છે. ચીફ સેક્રેટરી અને ડીજીપી સાથે વિડિયો કોન્ફરન્સિંગ દરમિયાન કેબિનેટ સેક્રેટરી રાજીવ ગોબાએ માહિતી આપતા કહ્યું હતું કે, લોકડાઉનની સ્થિતિને સફળ કરવા માટે જ તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. જેથી હાલમાં કોઈ પણ પ્રકારની લાપરવાહી ખતરનાક સાબિત થઈ શકે છે. કોરોનાથી તમામ લોકોને બચાવી લેવા માટે કેન્દ્ર અને રાજ્યો જોરદાર આક્રમક બનીને પગલા લઈ રહ્યા છે.કોરોના વાયરસના પરિણામ સ્વરુપે ૧૪મી એપ્રિલ સુધી લોકડાઉનની સ્થિતિ જાહેર કરવામાં આવી ચુકી છે.

### પોઈન્ટનો કડાકો... ● પહેલા પાનાનું ચાલું

તમામ કારણોસર મૂડીરોકાણકારોની ભાવનાઓ ઉપર ઠેસ પહોંચી રહી છે. આજે સેંસેક્સ ૧૩૭૫ પોઈન્ટ ઘટીને ૨૮૪૪૦ની સપાટીએ રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ આજે નકારાત્મક રહી હતી. ૨૪૫૩ શેરમાં આજે કારોબાર થયો હતો જે પૈકી ૧૩૪૭ શેરમાં મંદી રહી હતી. ૯૩૪ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૭૨ શેરમાં યથાસ્થિતિ રહી હતી. વ્યક્તિગત શેરની વાત કરવામાં આવે તો એબોટ ઈન્ડિયાના શેરમાં સૌથી વધુ ઉછાળો રહ્યો હતો. એબોર્ટ લેબોરેટરીને લઈને એવા અહેવાલ આવ્યા છે કે તેને લગભગ ઉપયોગ માટે પાંચ મિનિટના કોરોના ટેસ્ટ લોંચ કરવા માટે મંજુરી મળી ગઈ છે. એબોર્ડ ઈન્ડિયા અમેરિકાની એબોર્ટ લેબોરેટરીની ગૌણ કંપની છે. આ શેરમાં ૯ ટકાની આસપાસનો ઉછાળો નોંધાયો હતો. બજી બાજુ એનએસઈના મોરચે નિફ્ટી ઈન્ડિયામાં ૩૭૯ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૮૨૮૧ રહી હતી. સેક્ટરલ મોરચા પર ફાર્મા અને એફએમસીજી સિવાય તમામ ઈન્ડેક્સમાં મંદી રહી હતી. નિફ્ટી બેંક ઈન્ડિયામાં છ ટકાની આસપાસનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૮૭૬૦ રહી હતી જ્યારે નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસમાં ૭.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં નિફ્ટી મિડકેપમાં ૨.૮ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૧૪૩૫ રહી હતી જ્યારે નિફ્ટી સ્મોલકેપમાં ૨.૩ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૩૪૮૫ રહી હતી. એશિયન શેરબજારમાં કડાકાનો દોર જારી રહ્યો છે. બેંચમાર્ક ઈન્ડેક્સ સેંસેક્સ અને નિફ્ટીની શરૂઆત ઘટાડા સાથે થઈ હતી. બંનેમાં જોરદાર કડાકો રહ્યો હતો. ફોરેન ફંડ મેનેજરો દ્વારા ભારતીય મૂડી માર્કેટમાં વેચવાલી જારી રાખવામાં આવી છે. ઈક્વિટી અને ડેબ્ટ માર્કેટમાં વેચવાલી રહી છે. આ મહિનામાં વિદેશી ફંડ મેનેજરો દ્વારા ઈક્વિટીમાંથી ૫૯૩૭૭ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે જ્યારે ડેબ્ટ માર્કેટમાંથી ૫૭૦૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે.

### જંગને જીતી શકાશે... ● પહેલા પાનાનું ચાલું

પણ માર્ગદર્શિકા છે તેને પાળવામાં આવે તે ખુબ જરૂરી છે. ભારતમાં કોરોનાના કેસોને રોકવા માટે એક પછી એક કઠોર પગલા લેવામાં આવી રહ્યા છે. બીજા દેશોમાં ઈન્ફેક્શનના કેસો ૮૦૦૦ સુધી થયા છે ત્યારે અમે તેને અંકુશમાં લેવામાં સફળ રહ્યા છીએ. કારણ કે, પ્રજાનો સહકાર મળી રહ્યો છે. સાથે સાથે સરકારે અનેક પગલાઓ પણ લીધા છે. અમે સામાજિક અંતરના નિયમ અને લોકડાઉનના પ્રયોગને યોગ્યરીતે અમલી કરી રહ્યા છે. ગૃહમંત્રાલય દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, કોરોના હાલમાં દેશમાં લોકલ ટ્રાન્સમિશનના સ્ટેજમાં છે. જો કોમ્યુનિટી ટ્રાન્સમિશન સ્ટેજમાં પહોંચ્યુ છે તો વધારે સાવચેતી જરૂરી બની છે. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ દેશના લોકોને કહેવા માંગે છે કે, અમે જે પણ પરિણામ મેળવી રહ્યા છે તે પરિણામ ફરીથી શૂન્ય થઈ શકે છે. જો માર્ગદર્શિકા મુજબ આગળ વધીશું નહીં તો પરિણામ મળશે નહીં. હાલમાં નિયમોને કઠોરરીતે પાળવાનો સમય રહેલો છે.

### કોરોના સામે લાચાર... ● પહેલા પાનાનું ચાલું

અમેરિકામાં આવતા બે સપ્તાહમાં કોરોના વાયરસથી મરનારાઓની સંખ્યામાં ભારે વધારો થઈ શકે છે. જેથી ટ્રમ્પે સોશિયલ ડિસ્ટન્સિંગ ગાઈડલાઈનને આગામી ૩૦ એપ્રિલ સુધી વધારી દીધી છે. ટ્રમ્પ મુજબ, ૧ જૂન સુધી તમામ વસ્તુ પાટા પર આવી જશે, આ પહેલા તેઓએ અનુમાન લગાવ્યું હતું કે ઈસ્ટર સુધી તમામ વસ્તુ ઠીક થઈ જશે.

ટ્રમ્પનું માનવું છે કે અમેરિકામાં એક લાખથી વધુ લોકોનાં મોત થઈ શકે છે. તેઓએ કહ્યું કે જો આ આંકડો એક લાખ સુધી સમિત રહે છે તો પછી તેનો અર્થ એ છે કે આપણે તેને રોકવા માટે સારું કામ કર્યું છે. અમેરિકા આ સંકટમાંથી ૧ જૂન સુધીમાં બહાર આવી જશે, દેશવાસીઓને આવું આશ્વસન આપતાં ટ્રમ્પે સંવાદદાતાઓને કહ્યું કે, બે વરિષ્ઠ જન સ્વાસ્થ્ય સલાહકારો તથા કોરોના વાયરસ પર વ્હાઈટ હાઉસ કાર્યબળના સભ્યો- ડૉ. દેબોરા બિક્સ અને ડૉ. એન્થની ફૉસીની સલાહના આધારે તેમને સામાજિક મેળાપથી અંતર સંબંધી ઉપાયોની અવધિ ૩૦ એપ્રિલ સુધી વધારી હશે.

### સક્ષમ સેનાપતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કડક સનદી અધિકારી ડૉ. જયંતિ રવિ છે જે કડક શિસ્ત અને અનુસાશન માટે આખા વહીવટીતંત્રમાં જાણિતા છે. ડૉ. જયંતિ રવિ સારા નર્તકી પણ છે. એવું સાંભળ્યું છે કે મોઢેરામાં ઉજાવાતા ઉતરાર્ધ ઉત્સવમાં પણ વર્ષો પહેલાં તેઓ શાસ્ત્રીય નૃત્યની પ્રસ્તુતિ કરી ચૂક્યા છે. જો કે ગત જાન્યુઆરી-૨૦૨૦માં જ ગુજરાતના જાણિતા શાસ્ત્રીય સંગીત સમારોહ સપ્તકમાં એક રાત્રે ડૉ. જયંતિ રવિએ શાસ્ત્રીય ગાયન પ્રસ્તુત કર્યુ હતું અને સાથે તેમના દીકરી કૃપા રવિએ ભારતનાટ્યમ અને દીકરા આદિત્યએ વાંસળીવાદન પ્રસ્તુત કર્યું હતું.

ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં સામાન્ય નાગરિકોની સાથે જ તેમજ ચણિયાચોળી પહેરીને ગરબા ગાતા હોય ત્યારે કોઈ ન કહે કે આ મહિલા ગુજરાતના કડક અમલદાર હશે..! આજે ડૉ. જયંતિ રવિ કોરોના વાયરસ સામેની લડાઈ લડી રહેલા ગુજરાતના આરોગ્યતંત્રના સેનાપતિ છે. રાત દિવસ જોયા વિના ગુજરાતમાં કોરોનાનો સામનો કરવા સુસજ્જ થઈને કામ કરી રહેલી ટીમનું નેતૃત્વ ડૉ. જયંતિ રવિના હાથમાં છે.

છેલ્લા લગભગ પંદરેક દિવસથી તેઓ સચિવાલયથી સૌથી છેલ્લે ઘરે જાય છે અને સૌથી વહેલા આવી જાય છે. ભાગ્યે જ બે-ત્રણ કલાક સૂઈ શકતા હશે, છતાં સાતા એમનો સ્વભાવ છે. દરરોજ મિડિયા સાથે અત્યંત મૃદુભાષામાં માહિતીપ્રદ સંવાદ કરતા ડૉ. જયંતિ રવિ જ્યારે કોરોનાના કહેરની વિગતો આપતા હોય છે ત્યારે પણ સાથોસાથ ઈશ્વરની મહેર પણ થઈ રહી છે એવી અનુભૂતિ થયા વિના નથી રહેતી...

ડૉ. જયંતિ રવિ કોરોનાના સંક્રમણ સામે અસરકારક રીતે લડી રહ્યા છે. ગુજરાતને આશા અને આસ્થા છે કે કોરોનાએ વિદેશમાં જેટલો અને જેવો કેર વર્તાવ્યો છે એવો ભારતમાં અને ગુજરાતમાં નહીં વર્તાવે... મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિત આખા ગુજરાતને ડૉ. જયંતિ રવિમાં વિશ્વાસ છે કે આ મહિલા કોરોના નામના મહિષાસુરનું પણ મ્હાત કરવામાં સમગ્ર આરોગ્યતંત્રને સુયોગ્ય નેતૃત્વ પુરૂ પાડી રહ્યાં છે... ભજ ગોવિંદમ્... ગાઈ શકવા સમર્થ ડૉ. જયંતિ રવિ આજકાલ ભજ કોવિંદમ્ ગાઈ રહ્યા છે અને બજાવી પણ રહ્યાં છે... આણે સૌ ભગવાનને પ્રાર્થના કરીએ કે તે ડૉ. જયંતિ રવિ મેડમને વધુ શક્તિ અને સામર્થ્ય આપે અને ગુજરાતનું રક્ષણ કરે...